## જન્મદિને વધામણી

અલ્પેશ બાબુલાલ શ્રીમાળી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮

રૂપાબેન દિલીપભાઈ પટેલ
મો. ૭૦૬૯૮ ૯૨૪૮૮

વિરલ જે પટેલ
મો. ૮૪૬૦૪ ૦૩૦૧૮

રાજેન્દ્ર આર પારેખ
ઉપપ્રમુખ, જાગૃત નાગરિક પરિષદ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬

ઉમંગ રમેશભાઈ પરમાર
મો. ૯૫૭૪૮ ૨૪૩૦૮

પરમ અશોક સોની
મો. ૯૪૨૮૫ ૯૫૯૮૧

હેમાંગી નરેન્દ્ર રાવલ
મો. ૯૮૨૪૨ ૬૭૫૩૫

ખ્યાતિ મનીષ સુખડિયા
મો. ૯૪૨૮૭ ૩૬૯૭૮

ધૈર્ય રિતેશ સુખડિયા
મો. ૯૯૦૯૧ ૫૮૫૫૫

ક્રિશ બી પરાડીયા
મો. ૯૬૦૧૫૧

મોક્ષા રશ્મિનસિંહજી વાઘેલા

વિક્રમજી કાંનાજી ઠાકોર
મો. ૯૭૧૪૭ ૮૦૬૬૮

ચિરાયુ ભાવેશકુમાર મોદી
મો. ૯૩૨૮૯ ૨૭૭૩૫

ભૂમિબેન નરેન્દ્રકુમાર શ્રીમાળી
મો. ૭૬૯૮૪ ૯૧૧૯૫

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**

# જયપ્રકાશ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને સ્વબચાવની તાલીમ

ગાંધીનગર, તા.૨૩

શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં સ્વબચાવ ટેકવેડો તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી મિલાપ ટાટરીયા, શ્રી અવિનાશ મોદીએ ધોરણઃ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને સ્વ બચાવ માટેની વિવિધ તરકીબોનું નિદર્શન કરીને સમજાવતા માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી વિવિધ આસાન કૌશલ્યોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમના સંચાલનમાં શ્રી અજિતસિંહ સોલંકી સાહેબે માર્ગદર્શન પુરું પાડયું હતું. પ્રાથમિક વિભાગના બાળકો માટે શનિવારે તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં બાળકો હાજર રહે તે માટે વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે.

# યુઆઈએઆર ખાતે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૨૨

યુનિવર્સિટી એન્ડ ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ (યુઆઈએઆર)ના ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ તેમના કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વૃક્ષારોપણ એક પ્રથમ અનુભવ હતો. વૃક્ષ વાવેતરની પ્રવૃત્તિ પર્યાવરણને સ્વચ્છ અને સુંદર રાખવા માટે પ્રથમ પગથિયું છે.

આ દિશામાં પ્રયત્ન કરવા માટે યુનિ. દ્વારા યુનિ. કેમ્પસમાં એક વૃંદાવન ગાર્ડન બનાવવામાં આવી રહ્યો છે. વાવેતરના પ્રથમ રાઉન્ડમાં આ વર્ષ માટે ચારસોથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. વૃક્ષારોપણનો કાર્યક્રમ વિદ્યાર્થીઓને એકબીજાની નજીક લાવે છે તેમનામાં સ્વયંસેવકની ભાવનાનું નિર્માણ કરે છે. આ કાર્યક્રમમાં ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી અને ભારતના અલગ અલગ રાજયોમાંથી આવેલ વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક ભાગ લીધો હતો. યુઆઈએઆર ભારતમાં એક ઉત્તમ શિક્ષણ અને સંશોધન પુરું પાડતી સંસ્થા છે. આ યુનિ.નો હેતુ સમાજને સારા સંશોધકો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને સાહસિકો આપવાનો છે. આ યુનિવર્સિટી દ્વારા નજીકના ભવિષ્યમાં રકતદાન, વૃક્ષારોપણ, સ્વતંત્રતાદિન અને ઐતિહાસિક દિવસોની ઉજવણી કરવામાં આવનાર છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૪૮ વૃદ્ધોને ચોખાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોક તથા ખારી વિસ્તારમાં ૧૨ ગામોની ૧૪૮ વૃદ્ધ નિરાધારને ૩ કી.ગ્રા. ચોખાનું વિતરણ કર્યું હતું. આ સાથે પ્રત્યેકને આર્યન ટોનીકની બોટલ અને બીસ્કીટના પેકેટ આપ્યા હતા. આ સાથે જયા પાર્વતી વ્રત નિમિત્તે એ.પી. ઠાકર ગર્લ્સ, શામળાજીની ૨૮૦ બહેનોને બોલપેન તથા ધો. ૧૦ તથા ૧૨ની પહેલી ત્રણ ઉત્તીર્ણ બહેનોને સર્ટીફીકેટ, ૧૦ પેનનું બોક્સ આપ્યુ હતુ. જાલીયા તથા ભેટાલી આશ્રમ શાળાના પ્રત્યેક વિદ્યાર્થીને પેંસીલ, કલરબોક્ષ, સંચા, નોટબુક, દફતર, રબ્બર, બોલપેન તથા નાસ્તાનું વિતરણ કર્યુ હતુ. ઋતિ ગુપ્તે, ઉર્મિલા ઝણકાર, પંચાલભાઈ, મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# આર. જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૩

ધોરણ-૧૧-એ આર્ટસમાં અભ્યાસ કરતી વૈદેહી સુરેશભાઈ ચૌધરીએ તુર્કીમાં યોજાયેલ વર્ડ સ્કૂલ ગેમ્સ લોન ટેનિસમાં સિંગલ્સની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. તેમજ આ શાળામાં ૧૧-એમાં અભ્યાસ કરતી ઋત્વી રમેશભાઈ ચૌધરીએ તેની સાથે લોન ટેનિસની ડબલ્સ મેચમાં જોડીમાં રમીને ફ્રાન્સની ટીમને પરાજય આપીને ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. વૈદેહી ક્વાર્ટર ફાઈનલમાં ફ્રાન્સની એન્ડ્રીયાને ૬-૦, ૬-૩ થી અને સેમિફાઈનલમાં હોટ ફેવરિટ ગણાતી બ્રાઝિલની ગુલિન જોર્જિયાને ૬-૩, ૭-૬થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ ફાઈનલ મેચમાં વૈદેહીએ યજમાન તુર્કીની ઓઝ ઈપેક ખિલાડી સામે ૬-૩, ૬-૨ થી જીત મેળવી ગોલ્ડ મેડલ મેળવવાની વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. અંડર-૧૬માં રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે નંબર-૧નું સ્થાન ધરાવતી વૈદેહીના પિતા સુરેશભાઈ એમ. ચૌધરી ગુજરાત પોલીસમાં ડીવાયએસપી છે. તેઓ હાલ કરાઈ પોલીસ એકેડેમી ખાતે ફરજ બજાવે છે. તેની માતા શારદાબેન ચૌધરી જે આર.જી. પટેલ કન્યા શાળામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેઓએ પોતાની તમામ જરૂરિયાત પુરી કરવા તેમજ તેની કાળજી રાખવા માટે તેમણે વર્ષ ૨૦૧૫માં નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ છે. આ બંને વિદ્યાર્થીનીઓની અનેરી સિદ્ધિ બદલ શાળાના આચાર્ય સુધાબેન પટેલ તેમજ સુપરવાઈઝર દિલહરબા જાડેજા, ગિતેષભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને શાળાના ઉચ્ચત્ર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોશી તેના વર્ગ શિક્ષક જ્યોત્સનાબેન તથા શાળા પરિવાર હર્ષની લાગણી સાથે તેઓને અભિનંદન પાઠવે છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૫**
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ ગુરુવારના રોજ સાબરમતી આશ્રમ, અમદાવાદની મુલાકાત લીધી હતી.

વર્તમાન સમયમાં ગાંધી મૂલ્યો ભૂંસાતા જાય છે ત્યારે ગાંધી આશ્રમની એક દિવસની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવનચરિત્ર અને ગાંધીજીના સિદ્ધાંતો તથા સત્ય, અહિંસા અને સ્વચ્છતા અને ગાંધીજીના પ્રિય રેંટિયા વિષે ઐતિહાસિક માહિતી મેળવી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓએ કપડાના વેસ્ટમાંથી કાગળ બનાવવાની પેપર મીલની મુલાકાત લઈ કાગળ બનાવવાની મશીનરી અને પદ્ધતિનો અભ્યાસ કરી રસપ્રદ તથા ઉપયોગી માહિતી પણ મેળવી હતી.

# શ્રીમતી આર. જી. કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૨

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાની ૨૦૧૫-૧૬ વર્ષ દરમિયાન એએફએસ (અમેરિકન ફિલ્ડ સર્વિસ) કાર્યક્રમ અન્વયે ધોરણ-૧૧ની વિદ્યાર્થીની સોની શ્રધ્ધા પસંદગી પામી છે. એએફએસ સંસ્થાનો મુખ્ય હેતુ દેશ વિદેશના વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક વિવિધતા શીખે. એએફએસ સંસ્થા દર વર્ષ ભારતની જુદી જુદી સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓ પાસે નિબંધ, અન્ય પરીક્ષા, મૌલિક ઈન્ટરવ્યુ લે છે અને વિદ્યાર્થીઓને દિલ્હી પણ ઈન્ટરવ્યુ માટે બોલાવે છે.

શ્રધ્ધા વી. સોની આર.જી. શાળામાંથી ખૂબ જ પરિશ્રમ ધ્યેય નિષ્ઠા સાથે સફળ રહી છે. અમેરિકન પરિવાર દ્વારા આવા વિદ્યાર્થીઓને તેમના પરિવાર સાથે રહેવાનું, સાંસ્કૃતિક, બાયોલોજી, મેથ્સ, ફિલોસોફી અને અંગ્રેજી જેવા વિષયોનો વર્ષ દરમિયાન અભ્યાસ કરાવવામાં આવે છે. આ સંસ્થા દ્વારા જ વિદ્યાર્થીનો સંપૂર્ણ ખર્ચ કરવામાં આવે છે. આર.જી. પટેલ શાળા પરિવાર અને આચાર્યા સુધાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# પુસ્તકોનું વાંચન માર્ગદર્શન બનશે : પૂ. આચાર્ય ભગવંત શ્રી સૂરીશ્વરજી

ગાંધીનગર, તા. ૨૨

જે સુખ આવ્યા પછી ક્યારેય જાય નહી એ સાચુ સુખ કહેવાય એ સુખ મેળવવા શોધખોળ ચાલુ રાખો. ધાર્મિક પુસ્તકોનું વાંચન અને અધ્યયન કરો તેમાંથી કંઈક માર્ગદર્શન મળશે એમ પૂ. આચાર્ય ભગવંત શ્રી નરરત્ન સૂરીશ્વરજી મહારાજે આજે પ્રવચન કરતાં જણાવ્યું હતું.

ચાર ગતિના આ સંસારમાં અનંત કાળથી અનંત જીવાત્માઓ ૮૪ લાખ યોનિમાં પરિભ્રમણ કરી રહ્યા છે. દરેક ભવમા દરેક જીવાત્મા સુખને જ મેળવવાની આશા રાખે છે. મનુષ્યની પણ સુખી બનવાની ઈચ્છા હોય છે.

એ રીતે પશુ પક્ષી, દેવ દેવીઓ, નાનરકીના જીવો, અરે નિગોદના જીવોની પણ સુખી બનવાની ઈચ્છા હોય છે, કોઈને દુઃખ જોઈતુ નથી, દુઃખની ઈચ્છા હોતી નથી. જન્મ્યા પછી તમને માત્ર સુખી બનવાનું જ ગમ્યું છે. દુઃખ ક્યારેય ગમતું નથી. બધાને સુખ ગમે છે. વાસ્તવમાં જીવનનો સ્વભાવ જ સુખ મેળવવાનો છે અને માટે જીવ સુખ તરફ ખેંચાયા કરે છે. દુઃખી હોવું એ જીવનો સ્વભાવ જ નથી, તમને સુખ ગમે છે એ અપેક્ષાએ બહુ સારી વાત છે. હંમેશા સુખને વહાલું કરીએ. સુખનો રાગ એ અધકચરો હશે તો ઠેકાણું નહીં પડે. સુખનો રાગ ટોચ કક્ષાનો હોવો જોઈએ. સુખના રાગને પુષ્ટ કરો. તમારો સુખનો રાગ અધકચરો છે. ઉચ્ચ કક્ષાઓ રાગ હોય એ વ્યક્તિને કોઈ હલકી વસ્તુ ન ચાલે. સાધુને પણ સુખનો રાગ હોય છે. સાધુનો સુખનો રાગ પ્રબળ કક્ષાનો હોય છે. તમે ગમે તેવી વસ્તુમાં પણ સુખનો આભાસી અનુભવ કરી લો છો.

સાધુને માટે એવું ન કહી શકાય. સંસાર એ ઠંડી રોટલીની થાળી જેવો છે એને લાત મારીને ઠુકરાવી દેવા જેવો છે. ઉચ્ચ કક્ષાનું સુખ મેળવવા માટે સાધુએ દીક્ષા લીધી હોય છે. જે સુખ આવ્યા પછી ક્યારેય જાય નહી એ સાચુ સુખ કહેવાય. એવા સુખની અભિલાષા રાખો. સંસારના સુખો કાયમ ટકી રહે એવા નથી. તમે હૈયુ લઈને બેસો, ઘીક્ષા ન બનો.

સંસારના સુખમાં જ રચ્યા પચ્યા રહેવા જેવું નથી. જે સુખ આવે પછી જાય નહી એના માટે હૈયમાં લગન રાખો. એવા સુખ મેળવવા માટે શોધખોળ ચાલુ કરો, ધાર્મિક પુસ્તકોનું વાંચન અને અદ્યયન કરો તો તેમાંથી કંઈક માર્ગદર્શન મળશે. સાધુને મળેલો ધર્મ તેમના મુખે સાંભળો, આજ સુધી જે વસ્તુ ન જાણી હોય એ વસ્તુ તમને સાધુ બતાવી શકે તેમ છે. સાચા સુખ માટે જે ભોગ આપવો પડે એ આપવાની તૈયારી રાખો. સંસારના સુખો મેળવવા માટે તમે ઘણા કષ્ટો વેઠો છો, આખી જીંદગી એમાં પસાર કરી દો છો. સંસાર કદાચ છોડી ન શકો તો કંઈ નહી, પણ સાધુને જોઈ અને કંઈક બોધપાઠ લો. સાધુ કેવી રીતે સુખી છે એ જાણવા જેવું છે.